
### કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા

# સર્વ નેતૃત્વ કાર્યક્રમ યોજાયો





## ૧૫ કોલેજોના કુલ ૬૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજીત ૧૮મો સર્વ નેતૃત્વ કાર્યક્રમ (લીડરશીપ ટ્રેઈનીંગ પ્રોગ્રામ) તા. ૧૭ થી ૨૧ નવેમ્બર, ૨૦૧૬ દરમિયાન સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે યોજાઈ ગયો, જેમા ગાંધીનગર અને કડી કેમ્પસ સ્થિત જુદી જુદી ૧૫ કોલેજોના કુલ ૬૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

'સર્વ નેતૃત્વ' કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ સંચાલન, રાષ્ટ્રીયતા અને વ્યક્તિ પ્રતિભાના ગુણો વિકસે સાથે સાથે દેશના જવાબદાર નાગરિક તરીકેની જવાબદારીથી વાકેફ થાય તે હેતુસર આયોજન કરવામાં આવે છે. સમગ્ર કાર્યક્રમમાં નિષ્ણાત ટ્રેઈનર સુરેશ પટેલ દ્વારા રચનાત્મક રીતે યુવા વિદ્યાર્થીઓને અલગ અલગ પ્રવૃત્તિ જેવી કે યોગાસન, વ્યાખ્યાન, ફિલ્મ, પ્રેઝન્ટેશન, જુથ સંવાદ, ટેલેન્ટ ઈવનીંગ અને વિવિધ રમતો થકી ટાઈમ મેનેજમેન્ટ, લીડરશીપ, ઈવેન્ટ મેનેજમેન્ટ અને ટીમ વર્કિંગની ક્ષમતાને બહાર લાવવા પ્રયત્ન કરાયો હતો. શિબિર દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે ઉડાન ફાઉન્ડેશનનાં શ્રીમતી નિષ્ઠાબેન ઠાકર અને સંજયભાઈ ભાવસાર (વિશ્વગ્રામ) દ્વારા પોતાના જીવન પ્રસંગો વર્ણવ્યા હતા અને વિદ્યાર્થીઓને નાની નાની સમાજસેવી પ્રવૃત્તિ થકી રાષ્ટ્રનિર્માણમાં સહભાગી થવા આહવાન કર્યું હતું. પાંચ દિવસીય નિવાસી શિબીરના છેલ્લા દિવસે બધા વિદ્યાર્થીઓને ગાંધી આશ્રમ, સફાઈ વિધ્યાલય અને માનવ સાધના કેન્દ્રની મુલાકાતે લઈ ગયા હતા અને જરૂરતમંદ વ્યક્તિઓ માટે ચાલતી વિવિધ પ્રવૃતિની વિસ્તૃત માહિતી આપી હતી અને તેમની સાથે મુલાકાત કરાવી હતી. નિવાસી શિબિરના અંતે સમાપન સમારંભમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચેરમેન શ્રી. વલ્લભભાઇ પટેલ સાહેબ ઉપસ્થિત રહી પ્રાસંગિક ઉદબોધન કરતા સંસ્થાની વિસ્તૃત માહિતી આપી હતી અને પૂ. છગનભા ઉદાહરણ દ્વારા વિદ્યાર્થીઓ સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી સમજે એવી આશા વ્યક્ત કરી હતી. સાથે સાથે કડી એમબીએ કોલેજના ડાયરેક્ટર ડો. ભાવિન પંડ્યા અને કડી કોમર્સ કોલેજના આચાર્ય ડો. કપિલ ત્રિવેદી પણ તાલીમાર્થીઓનો ઉસ્તાહ વધારવા ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કો-ઓર્ડીનેટર ડો. ધર્મેન્દ્રભાઈ પટેલ, અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ અને સહાયક તરીકે પ્રા. ડો. રૂચિર પટેલ અને પ્રા. પ્રેમલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

Scanned by CamScanner